RV
RAKESH V. GOSWAMI
B.Com., LL.B., ADVOCATE
(Gujarat High Court)
RV

205-207, Mani Complex, Dr. Yagnik Road, Opp. Imperial Palace Hotel, RAJKOT.
Phone : 0281-2480577 Mobile : 98251 79301

પ્રતિશ્રી,

મે. અર્બન ઈન્ફ્રાસ્ટકચર ભાગીદારી પેઢી

ઠે. બીજા માળે, ક્રિષ્ના ફલેટસ, બાલમુકુંદ પ્લોટ શેરી નં.૧,

ફાયર સ્ટેશનની બાજુમાં, નિર્મલા રોડ, રાજકોટ.

બાબત :- રાજકોટ તાલુકાના ગામ **મોટામવા** ના રેવન્યુ સર્વે નં.**૧૨૫ પૈકી ૪** ની બીનખેડવાણ પ્લોટ નં.**૧** તથા **૨** નું એમાલગેશન થતા પ્લોટ નં.**૧+૨** ની કુલ જમીન ચો.મી.આ.**૭૧૨૦-૪૨** પૈકીની **દક્ષીણ** તરફની જમીન ચો.મી.**૩૮૫૫-૭૫** ઉપર આવેલ **"ધ ફલોરેન્ઝા"** ના નામથી ઓળખાતા બે હાઈરાઈઝ <u>બિલ્ડીંગોનો ટાઈટલ કલીયરન્સ તથા સર્ચ રીપોર્ટ.</u>

6/11/2018

માનનીય શ્રી,

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ તાલુકાના ગામ **મોટામવા** ના રેવન્યુ સર્વે નં.**૧૨૫ પૈકી ૪** ની રહેણાંકના હેતુ માટેની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.**૧** તથા પ્લોટ નં.૨ નું એમાલગેશન થતા પ્લોટ નં.**૧+૨** ની કુલ જમીન ચો.મી.આ.૭૧૨૦-૪૨ પૈકીની **દક્ષીણ** તરફની જમીન ચો.મી.૩૮૫૫-૭૫ ઉપર આવેલ **"ધ ફલોરેન્ઝા"** ના નામથી ઓળખાતા બે હાઈરાઈઝ બિલ્ડીંગોની યોજના માંહેના **ટાવર-એ** તથા **ટાવર-બી ડેવલપર્સ મે. અર્બન ઈન્ફ્રાસ્ટકચર** ના નામથી ચાલતી ભાગીદારી પેઢી તથા જમીન માલીક **ગાર્ડન કલાસીક રીયાલીટી** ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના સંયુકત કબજા, ભોગવટા અને માલીકીના આવેલ છે. સદરહું બંને બિલ્ડીગના ઉતરોતર દસ્તાવેજોની ફાઈલ અમારા સમક્ષ રજુ કરવામાં આવતા આ ફાઈલ જોતા સદરહું બંને બિલ્ડીંગોની યોજના અંગે અમારો રીપોર્ટ નીચે મુજબ આપવામાં આવે છે.

RV

RAKESH V. GOSWAMI
B.Com., LL.B., ADVOCATE
(Gujarat High Court)

RV

205-207, Mani Complex, Dr. Yagnik Road, Opp. Imperial Palace Hotel, RAJKOT.
Phone : 0281-2480577 Mobile : 98251 79301

(૧) રાજકોટ તાલુકાના ગામ **મોટામવા** ના કુલ ખેડવાણ જમીન એકર ૩૨–૨૭ ગુંઠા મુળ ખાતેદાર **શ્રી દેવરાજ મુળજી** ના ખાતે રેવન્યુ રેકર્ડ ગામનો નમુનો નં.૬ માં નોંધ નં.**૧૨** તા.**૨૧–૧૧–૧૯૫૫** થી આવેલ છે.

(૨) ત્યારબાદ મોટામવા ગામમાં આવેલ ખેડવાણ જમીનની નવી માપણી થતા **મોટામવા** ગામના રેવન્યુ સર્વે નં.**૧૨૫** પૈકીની ખેડવાણ જમીન એકર ૬–૦૬ ગુંઠા તથા અન્ય ખેડવાણ જમીનો **શ્રી નરશી મુળજી** ના ખાતે રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં.૬ માં નવી માપણી મુજબ નોંધ નં.**૧૦૧** તા.**૨૨–૩–૧૯૬૩** થી દાખલ થયેલ છે.

(૩) ત્યારબાદ **શ્રી નરશી મુળજીનું** તા.**૭–૩–૧૯૭૯** ના રોજ અવસાન થતા તેમના ખાતાની **મોટામવા** ગામના રેવન્યુ સર્વે નં.**૧૨૫** પૈકીની ખેડવાણ જમીન એકર ૬–૦૬ ગુંઠા તથા અન્ય ખેડવાણ જમીનોમાંથી તેમના વારસદારો **ભીમજી નરશી, ઘોઘા નરશી, અરજણ નરશી, લાલજી ભીખા, મોતીબેન નરશી, પ્રેમીબેન નરશી,** જડીબેન ભીખા એમ કુલ–૭ વ્યકિતઓના ખાતે રેવન્યુ રેકર્ડ ગામનો નમુનો નં.૬ માં વારસાઈ નોંધ નં.**૨૫૨** તા.**૧૦–૧–૧૯૭૯** થી દાખલ થયેલ છે.

(૪) ત્યારબાદ **મોટામવા** ગામના રેવન્યુ સર્વે નં.**૧૨૫** પૈકીની ખેડવાણ જમીન એકર ૬–૦૬ ગુંઠા તથા અન્ય ખેડવાણ જમીનોમાંથી **મોતી નરશી, પ્રેમીબેન નરશી, જડીબેન ભીખા** એમ કુલ–ત્રણ વ્યકિતઓની કબુલાત મેળવી તેમના નામ કમી કરવા તથા **ભીમજી નરશી, ઘોઘા નરશી, અરજણ નરશી** તથા **લાલજી ભીખા** એમ કુલ–૪ વ્યકિતઓના નામે જમીન રાખવા અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ગામનો નમુનો નં.૬ માં નામ કમી કરવા અંગેની નોંધ નં.**૨૮૯** તા.**૧૫–૨–૧૯૮૨** થી દાખલ થયેલ છે.

RV **RAKESH V. GOSWAMI** RV
B.Com., LL.B., ADVOCATE
(Gujarat High Court)
205-207, Mani Complex, Dr. Yagnik Road, Opp. Imperial Palace Hotel, RAJKOT.
Phone : 0281-2480577 Mobile : 98251 79301

(૫) ત્યારબાદ રાજકોટ તાલુકાના ગામ **મોટામવા** ના રેવન્યુ સર્વે નં.**૧૨૫** પૈકીની ખેડવાણ જમીન એકર ૬–૦૬ ગુંઠા તથા અન્ય ખેડવાણ જમીનોની **ભીમજી નરશી, ઘોઘા નરશી, અરજણ નરશી** તથા **લાલજી ભીખા** એમ કુલ–૪ વ્યકિતઓ વચ્ચે ભાયુભાગે વહેંચણી કરવામાં આવતા **મોટામવા** ગામના રેવન્યુ સર્વે નં.**૧૨૫** પૈકીની ખેડવાણ જમીન એકર ૩–૨૨ ગુંઠા **પટેલ ઘોઘાભાઈ નરશીભાઈ** ના ખાતે રેવન્યુ રેકર્ડ ગામનો નમુનો નં.૬ માં ભાયુભાગની નોંધ નં.૩૧૪ તા.૬–૧૧–૧૯૮૨ થી દાખલ થયેલ છે.

(૬) ત્યારબાદ **મોટામવા** ગામના રેવન્યુ સર્વે નં.**૧૨૫** પૈકીની ખેડવાણ જમીન એકર ૩–૨૨ ગુંઠા પૈકીની ખેડવાણ જમીન એકર ૨–૦૦ ગુંઠા **શ્રી રવજી વિરજીભાઈ ડેડાણીયા, શ્રી દિનેશચંદ્ર રવજીભાઈ ડેડાણીયા, શ્રી ભુપતરાય રવજીભાઈ ડેડાણીયા, શ્રી ચંદ્રકાંત રવજીભાઈ ડેડાણીયા** તથા **શ્રી પીયુષકુમાર રવજીભાઈ ડેડાણીયા** એ તેઓ જોગ શ્રી ઘોઘાભાઈ નરશીભાઈ કોરાટ વિગેરેએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અ.નં.૧૫૬૪૮ તા.૯–૮–૧૯૯૬ થી ખરીદ કરેલ છે. જેની નોંધ રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં.૬ માં નોંધ નં.**૧૨૫૭** તા.૨૫–૨–૧૯૯૭ થી દાખલ થયેલ છે.

(૭) ત્યારબાદ **મોટામવા** ગામના રેવન્યુ સર્વે નં.**૧૨૫** પૈકી ૪ની ખેડવાણ જમીન એકર ૨–૦૦ ગુંઠામાંથી શ્રી રવજીભાઈ વિરજીભાઈ પટેલ તથા શ્રી ભુપતભાઈ રવજીભાઈ પટેલએ તેમનો હકક તથા હિસ્સો ઉઠાવી લેતા તેની નોંધ રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં.૬ માં નોંધ નં.૩૩૬૨ તા.૯–૯–૨૦૦૫ થી દાખલ થયેલ છે.

RV RAKESH V. GOSWAMI RV
B.Com., LL.B., ADVOCATE
(Gujarat High Court)
205-207, Mani Complex, Dr. Yagnik Road, Opp. Imperial Palace Hotel, RAJKOT.
Phone : 0281-2480577 Mobile : 98251 79301

(૮) ત્યારબાદ **મોટામવા** ગામના રેવન્યુ સર્વે **નં.૧૨૫ પૈકી ૪** ની ખેડવાણ જમીન એકર ૨–૦૦ ગુંઠા બરાબર હે.આરે.ચોમી.૦–૮૦–૯૪ ને રહેણાંકના હેતુ માટે બીનખેતીમાં ફેરવવા માટે શ્રી દિનેશભાઈ રવજીભાઈ પટેલ વિગેરેએ અરજી કરતા જીલ્લા વિકાસ અધીકારીશ્રી, જીલ્લા પંચાયત કચેરી, રાજકોટએ તેમના હુકમનં.**એન.એ.–લેરેકોક–૬૫–કેસ નં.૩૩૫/૦૫–૦૬/વશી/૫૯૮૦/૮૭ તા.૧૪–૯–૨૦૦૬** થી સદરહું ખેડવાણ જમીનને રહેણાંકના હેતુ માટે બીનખેતીમાં ફેરવી આપેલ છે. સદરહું જમીનનો લે–આઉટ પ્લાન રાજકોટ શહેરી વિકાસ સતામંડળની કચેરીએ લે–આઉટ માટેની વિકાસ પરવાનગી નં.રૂડા/ટેક/ડેવ/**મોટામવા**/૧૫૯/૦૬/૧૪૨૫ તા.૬–૭–૨૦૦૬ થી મંજુર કરેલ છે. સદરહું બીનખેતી હુકમ મુજબની નોંધ રેવન્યુ રેકર્ડ ગામનો નમુનો નં.૬ માં નોંધ નં.૩૯૯૨ તા.૧૮–૯–૨૦૦૬ થી દાખલ થયેલ છે. આમ, ત્યારથી સદરહું મંજુર થયેલ બીનખેતી લે–આઉટ પ્લાન મુજબ પ્લોટ નં.૧ ની જમીન **ચો.મી.૫૩૫૯–૮૮** તથા પ્લોટ નં.૨ ની જમીન **ચો.મી.૧૭૬૦–૫૪** એમ બંને પ્લોટની કુલ મળી જમીન ચો.મી.આ.૭૧૨૦–૪૨ તથા કોમન પ્લોટની જમીન ચો.મી.આ.૮૧૦–૬૬ તથા ટી.પી. રોડની જમીન ચો.મી.૧૬૨–૯૨ ના કાયદેસરના વપરાશના તથા અન્ય મળવા પાત્ર તમામ હકકો તથા અધીકારો સહીત સદરહું બીનખેડવાણ જમીન શ્રી દિનેશભાઈ રવજીભાઈ પટેલ વિગેરેના સંયુકત, કબજા, ભોગવટા અને માલીકીની આવેલ છે.

(૯) ત્યારબાદ **મોટામવા** ગામના રેવન્યુ સર્વે **નં.૧૨૫ પૈકી ૪** ની મંજુર લે–આઉટ પ્લાન મુજબની રહેણાંકના હેતુ માટેની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૧ ની જમીન ચો.મી.૫૩૫૯–૮૮ તથા પ્લોટ નં.૨ ની જમીન ચો.મી.૧૭૬૦–૫૪ એમ બંને પ્લોટની કુલ મળી જમીન ચો.મી.આ.૭૧૨૦–૪૨ તથા કોમન પ્લોટની જમીન

RV RAKESH V. GOSWAMI RV
B.Com., LL.B., ADVOCATE
(Gujarat High Court)
205-207, Mani Complex, Dr. Yagnik Road, Opp. Imperial Palace Hotel, RAJKOT.
Phone : 0281-2480577 Mobile : 98251 79301

ચો.મી.આ.૮૧૦–૬૬ તથા ટી.પી. રોડની જમીન ચો.મી.૧૬૨–૯૨ ના કાયદેસરના વપરાશના તથા અન્ય મળવા પાત્ર તમામ હકકો તથા અધીકારો સહીત **ગાર્ડન કલાસીક રીયાલીટી**ના નામથી ચાલતી ભાગીદારી પેઢીએ તેઓ જોગ શ્રી દિનેશભાઈ રવજીભાઈ પટેલ(ડેડાણીયા)વિગેરેએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અ.નં.૩૨૮૩ **તા.૧૭–૮–૨૦૧૫** થી ખરીદ કરેલ છે. જેની નોંધ રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં.૬ માં નોંધ નં.૯૦૬૧ **તા.૨૦–૮–૨૦૧૫** થી દાખલ થયેલ છે.

(૧૦) ત્યારબાદ સદરહું ઉપરોકત પ્લોટ નં.૧ તથા પ્લોટ નં.૨ નું એમાલગેશન થતા પ્લોટ નં.૧+૨ ની કુલ જમીન ચો.મી.આ.૭૧૨૦–૪૨ માં બાંધકામ કરવા માટે **ગાર્ડન કલાસીક રીયાલીટી**ના નામથી ચાલતી ભાગીદારી પેઢીએ રાજકોટ શહેરી વિકાસ સતા મંડળની કચેરીમાંથી રીવાઈઝડ બાંધકામના વિકાસ માટેની પરવાનગી **નં.રૂડા/ટેક/ડેવ/મોટામવા/૭૨૧/ ૧૭/૪૮૩૨ તા.૨૭–૭–૨૦૧૮** થી મેળવી **ટાવર–એ** માં **બીજા** માળથી **ચૌદમા** માળ સુધી દરેક માળે **બે–બે** ફલેટ એમ મળી કુલ ૨૬ ફલેટો તથા **ટાવર–બી** માં **બીજા** માળથી **ચૌદમાં** માળ સુધી દરેક માળે **બે–બે** ફલેટ એમ મળી કુલ ૨૬ ફલેટો તથા **ટાવર–સી** માં કોર્મશીયલ કોમ્પલેક્ષનું બાંધકામ કરવા માટેનો રીવાઈઝડ બિલ્ડીંગ પ્લાન મંજુર કરાવેલ છે.

(૧૧) ત્યારબાદ સદરહું ઉપરોકત પ્લોટ નં.૧ તથા પ્લોટ નં.૨ નું એમાલગેશન થતા પ્લોટ નં.૧+૨ ની કુલ જમીન ચો.મી.આ.૭૧૨૦–૪૨ પૈકીની દક્ષીણ તરફની જમીન ચો.મી.૩૮૫૫–૭૫ ઉપર **ગાર્ડન કલાસીક રીયાલીટી**ના નામથી ચાલતી ભાગીદારી પેઢીએ મંજુર કરાવેલ રીવાઈઝડ બિલ્ડીંગ પ્લાન મુજબ "ધ ફલોરેન્ઝા" ના નામથી ઓળખાતા બે હાઈરાઈઝ બિલ્ડીંગોની યોજના માંહેના ટાવર–એ તથા ટાવર–બી નું બાંધકામ કરવા તથા સદરહું બંને બિલ્ડીંગોમાં બનનાર ફલેટોનું

RV **RAKESH V. GOSWAMI** RV
B.Com., LL.B., ADVOCATE
(Gujarat High Court)
205-207, Mani Complex, Dr. Yagnik Road, Opp. Imperial Palace Hotel, RAJKOT.
Phone : 0281-2480577 Mobile : 98251 79301

વેચાણ કરવા જમીન માલીક **ગાર્ડન કલાસીક રીયાલીટી** ના નામથી ચાલતી ભાગીદારી પેઢી તથા ડેવલપર્સ **મે. અર્બન ઈન્ફ્રાસ્ટકચર** ના નામથી ચાલતી ભાગીદારી પેઢી વચ્ચે રજીસ્ટર ડેવલપમેન્ટ કરાર અ.નં.૫૨૪૯ **તા.૨૪–૧૦–૨૦૧૮** થી કરવામાં આવેલ છે.

(૧૨) સદરહું ઉપરોકત **"ધ ફલોરેન્ઝા"** ના નામથી ઓળખાતા બે હાઈરાઈઝ બિલ્ડીંગોના પ્રોજેકટ(પરીયોજના)ની **રીયલ એસ્ટેટ(રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ–૨૦૧૬** ની જોગવાઈ હેઠળ નોંધણી કરાવવા માટે સેક્રેટરી ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી(**RERA**) સમક્ષ ડેવલપર્સ મે. અર્બન ઈન્ફ્રાસ્ટકચરના નામથી ચાલતી ભાગીદારી પેઢીએ અરજી કરી દીધેલ છે.

(૧૩) સદરહું **"ધ ફલોરેન્ઝા"** ના નામથી ઓળખાતી બે હાઈરાઈઝ બિલ્ડીંગોની યોજના માંહેથી **ટાવર–એ** તથા **ટાવર–બી** ની ચતુઃસીમા નીચે મુજબ છે.

–:: ""ધ ફલોરેન્ઝા"" માં આવેલ ટાવર–એ ની ચતુઃસીમા ::–

ઉતરે	:–	માર્જીન બાદ કોમન પ્લોટ આવેલ છે.
દક્ષીણે	:–	માર્જીન બાદ અન્યની મીલ્કત આવેલ છે.
પુર્વે	:–	માર્જીન બાદ ૧૮–૦૦ મીટરનો ટી.પી. રોડ આવેલ છે.
પશ્ચિમે	:–	માર્જીન બાદ ટાવર–બી આવેલ છે.

–:: ""ધ ફલોરેન્ઝા"" માં આવેલ ટાવર–બી ની ચતુઃસીમા ::–

ઉતરે	:–	માર્જીન બાદ ટાવર–સી આવેલ છે.
દક્ષીણે	:–	માર્જીન બાદ અન્યની મીલ્કત આવેલ છે.
પુર્વે	:–	માર્જીન બાદ કોમન પ્લોટ તથા ટાવર–એ આવેલ છે.
પશ્ચિમે	:–	માર્જીન બાદ અન્યની મીલ્કત આવેલ છે.

RV

RAKESH V. GOSWAMI
B.Com., LL.B., ADVOCATE
(Gujarat High Court)

RV

205-207, Mani Complex, Dr. Yagnik Road, Opp. Imperial Palace Hotel, RAJKOT.
Phone : 0281-2480577 Mobile : 98251 79301

(૧૪) સદરહું "ધ ફલોરેન્ઝા" ના નામથી ઓળખાતા બે હાઈરાઈઝ બિલ્ડીંગોની યોજના માંહેથી ટાવર–એ તથા ટાવર–બી ને લગતા લેખ દસ્તાવેજો(ટાઈટલ ડીડઝ) નીચે લખી વિગતે આવેલ છે.

<u>–:: લેખ દસ્તાવેજો(ટાઈટલ ડીડઝ) ::–</u>

:૧: જમીન માલીક ગાર્ડન કલાસીક રીયાલીટી ના નામથી ચાલતી ભાગીદારી પેઢી તથા ડેવલપર્સ મે. અર્બન ઈન્ફ્રાસ્ટકચર ના નામથી ચાલતી ભાગીદારી પેઢી વચ્ચે કરવામાં આવેલ રજીસ્ટર ડેવલપમેન્ટ કરાર અ.નં.૫૨૪૯ તા.૨૪–૧૦–૨૦૧૮ ની નકલ.

:૨: ડેવલપર્સ મે. અર્બન ઈન્ફ્રાસ્ટકચર ભાગીદારી પેઢીના ભાગીદારો વચ્ચે થયેલ રજીસ્ટર સપ્લીમેન્ટ્રી ભાગીદારી દસ્તાવેજ અ.નં.૫૨૫૨ તા.૨૪–૧૦–૨૦૧૮ ની નકલ.

:૩: ડેવલપર્સ મે. અર્બન ઈન્ફ્રાસ્ટકચરના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો વચ્ચે તા.૨૬–૧૨–૨૦૧૭ ના રોજ થયેલ ભાગીદારી દસ્તાવેજની નકલ.

:૪: ડેવલપર્સ મે. અર્બન ઈન્ફ્રાસ્ટકચરના ભાગીદારી પેઢીની નોંધણી અંગેના રજીસ્ટર ઓફ ફર્મ્સ–G ની નકલ.

:૫: જમીન માલીક ગાર્ડન કલાસીક રીયાલીટી ભાગીદારી પેઢીના ભાગીદારો વચ્ચે થયેલ રજીસ્ટર સપ્લીમેન્ટ્રી ભાગીદારી દસ્તાવેજ અ.નં.૫૨૫૩ તા.૨૪–૧૦–૨૦૧૮ ની નકલ.

:૬: જમીન માલીક ગાર્ડન કલાસીક રીયાલીટીના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો વચ્ચે તા.૧–૪–૨૦૧૫ ના રોજ થયેલ ભાગીદારી દસ્તાવેજ ની નકલ.

:૭: જમીન માલીક ગાર્ડન કલાસીક રીયાલીટી ભાગીદારી પેઢીની નોંધણી અંગેના રજીસ્ટર ઓફ ફર્મ્સ–G ની નકલ.

6/11/2018

RV

RAKESH V. GOSWAMI

B.Com., LL.B., ADVOCATE
(Gujarat High Court)

RV

205-207, Mani Complex, Dr. Yagnik Road, Opp. Imperial Palace Hotel, RAJKOT.
Phone : 0281-2480577 Mobile : 98251 79301

:૮: રાજકોટ શહેરી વિકાસ સતામંડળની કચેરીની રીવાઈઝડ બાંધકામ વિકાસ માટેની પરવાનગી નં.રૂડા/ટેક/ડેવ/મોટામવા/૭૨૧/૧૭/૪૮૩૨ તા.૨૭-૭-૨૦૧૮ ની નકલ.

:૯: રાજકોટ શહેરી વિકાસ સતામંડળની કચેરીએ મંજુર કરેલ રીવાઈઝડ બીલ્ડીંગ પ્લાનની નકલ.

:૧૦: જમીન માલીક ગાર્ડન કલાસીક રીયાલીટી ભાગીદારી પેઢીના નામનો ગામનો નમુનો નં.૬ તથા ગામનો નમુનો નં.૮-અ ની નકલ.

:૧૧: જમીન માલીક ગાર્ડન કલાસીક રીયાલીટીના નામથી ચાલતી ભાગીદારી પેઢી જોગ શ્રી દિનેશભાઈ રવજીભાઈ પટેલ(ડેડાણીયા) વિગેરેએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અ.નં.૩૨૮૩ તા.૧૭-૮-૨૦૧૫ ની નકલ.

:૧૨: શ્રી પીયુષભાઈ રવજીભાઈ પટેલ(ડેડાણીયા)એ શ્રી ચંદ્રકાંતભાઈ રવજીભાઈ પટેલ(ડેડાણીયા)ને આપેલ રજીસ્ટર કુલમુખત્યારનામું અ.નં.૩૧૮૧ તા.૧૦-૮-૨૦૧૫ ની નકલ.

:૧૩: રાજકોટના મ્હે. જીલ્લા વિકાસ અધીકારીશ્રી, જીલ્લા પંચાયત કચેરીએ અમો જમીન વેચનારના નામનો આપેલ બીનખેતી હુકમનં.લેરેકોક-૬૫-કેસ નં.૩૩૫/૦૫-૦૬/વશી/ ૫૯૮૦/૮૭ તા.૧૪-૯-૨૦૦૬ ની નકલ.

:૧૪: રાજકોટ શહેરી વિકાસ સતામંડળની કચેરીએ આપેલ લે-આઉટ માટેની વિકાસ પરવાનગી નં.રૂડા/ટેક/ડેવ/મોટામવા/૧૫૯/૦૬/૧૪૨૫ તા.૬-૭-૨૦૦૬ ની તથા મંજુર કરેલ લે-આઉટ પ્લાનની નકલ.

:૧૫: શ્રી દિનેશભાઈ રવજીભાઈ પટેલ વિગેરે જોગ શ્રી ઘોઘાભાઈ નરશીભાઈ કોરાટ વિગેરેએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અ.નં.૧૫૬૪૮ તા.૯-૮-૧૯૯૬(નોંધ્યા તા.૧૭-૧૦-૧૯૯૬) ની નકલ.

:૧૬: ઉતરોતરની તમામ નોંધવાળા ગામ નુમના નં.૬ ની નકલ.(પ્રમોલગેશન)

6/11/2018

RV RAKESH V. GOSWAMI RV
B.Com., LL.B., ADVOCATE
(Gujarat High Court)
205-207, Mani Complex, Dr. Yagnik Road, Opp. Imperial Palace Hotel, RAJKOT.
Phone : 0281-2480577 Mobile : 98251 79301

:૧૭: સક્ષમ અધીકારી અને અધિક કલેકટરશ્રી શહેરી જમીન ટોચ મર્યાદા કચેરી રાજકોટએ શહેરી જમીન ટોચ મર્યાદાની કલમ–૬(૧) અન્વયે કેસ નં.૬(૧) ૨૦૬૦/૧૯૭૬ માં તા.૧૬–૨–૧૯૭૮ ના રોજ કરેલ હુકમની નકલ.

:૧૮: રાજકોટ શહેરી વિકાસ સતામંડળની કચેરીએ આપેલ ઝોનીંગ સર્ટીફીકેટની નકલ.

:૧૯: રાજકોટ શહેરી વિકાસ સતામંડળની કચેરીએ આપેલ પાર્ટ પ્લાનની નકલ.

:૨૦: રાજકોટ શહેરી વિકાસ સતામંડળની કચેરીએ કાઢી આપેલ ટી.પી. સ્કીમ નં.૨૩(મોટામવા)ના એફ.પી.નં.૪૨ ના પાર્ટ પ્લાનની નકલ.

:૨૧: રાજકોટ શહેરી વિકાસ સતામંડળની કચેરીએ કાઢી આપેલ ટી.પી. સ્કીમ નં.૨૩(મોટામવા)ના એફ.પી.નં.૪૨ ના ફોર્મ "એફ" ની નકલ.

:૨૨: ડીસ્ટ્રીકટ લેન્ડ રેકર્ડ કચેરી રાજકોટએ કાઢી આપેલ માપણીશીટ તથા હિસ્સા ફોર્મ નં.૪ ની નકલ.

–:: સર્ચ રીપોર્ટ ::–

સદરહું ઉપરોકત બિલ્ડીંગના ઉતરોતર દસ્તાવેજોના આધારે અમોએ ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ તાલુકાના ગામ **મોટામવા** ના રેવન્યુ સર્વે **નં.૧૨૫ પૈકી** ૪ ની રહેણાંકના હેતુ માટેની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૧ તથા પ્લોટ નં.૨ નું એમાલગેશન થતા પ્લોટ નં.૧+૨ ની કુલ જમીન ચો.મી.આ.૭૧૨૦–૪૨ પૈકીની **દક્ષીણ** તરફની જમીન ચો.મી.**૩૮૫૫–૭૫** ઉપર આવેલ **"ધ ફલોરેન્ઝા"** ના નામથી ઓળખાતા બે હાઈરાઈઝ બિલ્ડીંગોની યોજના માંહેના **ટાવર–એ** તથા **ટાવર–બી** ના ટાઈટલ અંગે છેલ્લા **૩૦ વર્ષ** ની શોધ(સર્ચ)રાજકોટની સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં પ્હોંચ નં.૨૦૧૮૦૨૨૦૩૧૭૪૫ તથા પ્હોંચ નં.૨૦૧૮૦૨૪૦૨૨૪૮૭ તથા પ્હોંચ નં.૨૦૧૮૩૨૫૦૦૯૭૫૯ તા.૬–૧૧–૨૦૧૮ થી લીધેલ છે. આ સર્ચ

6/11/2018

RV

RAKESH V. GOSWAMI
B.Com., LL.B., ADVOCATE
(Gujarat High Court)

RV

205-207, Mani Complex, Dr. Yagnik Road, Opp. Imperial Palace Hotel, RAJKOT.
Phone : 0281-2480577 Mobile : 98251 79301

દરમ્યાન સદરહું ઉપરોકત બંને બિલ્ડીંગો ઉપર કોઈનું કોઈપણ પ્રકારનું લેણું, ગીરો, બોજો, ચાર્જ કે કોઈ જામીનગીરીમાં હોવાનું જણાય આવેલ નથી.

ઉપરોકત ઉતરોતર દસ્તાવેજોની ફાઈલ જોતા તથા અમોએ રાજકોટના મ્હે. સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં સદરહું **"ધ ફલોરેન્ઝા"** ના નામથી ઓળખાતા બે હાઈરાઈઝ બિલ્ડીંગોની યોજના માંહેના **ટાવર–એ** તથા **ટાવર–બી** અંગે લીધેલ શોધ અને દસ્તાવેજોની ચકાસણીમાં સદરહું ઉપરોકત બંને બિલ્ડીંગો ઉપર કોઈ બોજો, કોઈ ચાર્જ હોવાનું જણાય આવેલ નથી. તેથી મારા મંતવ્ય મુજબ સદરહું ઉપરોકત બંને બિલ્ડીંગોના ટાઈટલ કલીયર(ચોખ્ખા), લોનેબલ, માર્કેટેબલ તથા બોજા રહીત જણાય છે તેવો અભીપ્રાય આપુ છું.

આ સાથે આપશ્રીએ આપેલ ફાઈલ તથા અભીપ્રાઈ પરત કરેલ છે.

રાજકોટ
તા.૦૬–૧૧–૨૦૧૮

RAKESH V. GOSWAMI Advocate RAJKOT

6/11/2018

રાકેશ વી. ગોસ્વામી
(એડવોકેટ)
સનંદ નં.G/1953/2000

અરજી પહોંચ

મેલ્કતનું વર્ણન રે.સ.નં. 125 પૈકી 4, પ્લોટ નં. 1+2 જમીન 3855.75 ચો.મી.

Search in : Mato Mava/Mato Mava

પહોંચ નંબર: ૨૦૧૮૩૨૫૦૦૯૭૫૯ અરજી નંબર: ૪૧૮૮ અરજી વર્ષ: ૨૦૧૮

તા: ૬ માહે: નવેમ્બર સને: ૨૦૧૮

રજુ કરનારનું નામ આર. વી. ગોસ્વામી (એડ) શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી

	રૂ.	પૈસા
રજીસ્ટ્રેશન ફી		
નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો		૦
શેરોની નકલ કરવા માટે ફી		
ટપાલ ખર્ચ		
નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭)		૦
શોધ અગર તપાસણી Year : ૨૦૧૨ ૨૦૧૮	૪૫	
દંડ કલમ-૨૫		
કલમ-૩૪ (કલમ-૫૭)		
નકલ ફી ફોલીયો		૦
ઈન્ડેક્ષ-૨ ફી		
આ સિવાયની બાબતોની ફી		

કુલ એકંદરે રૂ.	૪૫

અંકે રૂપીયા પીસ્તાલીસ પુરા.

દસ્તાવેજ / નકલ .... ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં / કચેરીમાં આપવામાં .... આવશે.

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

(THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-5(MAVA))

(V B Tankariya)
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 5 - મવા

IGR-NIC 5434180364177175754 ૬/૧૧/૨૦૧૮ ૧૧:૫૪:૫૧ am

(Stamp: ...ESH V. GOSWA... Advocate RAJKOT)

અરજી પહોંચ

મેલ્કતનું વર્ણન સ.નં.125 પૈકી 4 પ્લોટ નં.1+2 જમીન ચો.મી.3855.75

Search in : મોટામવા/MATO MAVA

પહોંચ નંબર:	૨૦૧૮૦૨૪૦૨૨૪૮૭	અરજી નંબર:	૧૩૯૨૪	અરજી વર્ષ:	૨૦૧૮
તા:	૬	માહે:	નવેમ્બર	સને:	૨૦૧૮

રજુ કરનારનું નામ આર.વી.ગોસ્વામી(એડ) શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી

	રૂ.	પૈસા
રજીસ્ટ્રેશન ફી........................	૦	
નકલ કરવા ની ફી સાઈડ / કોલીયો........................		
શેરાની નકલ કરવા માટે ફી........................		
ટપાલ ખર્ચ........................	૦	
નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭)........................		
શોધ અગર તપાસણી........................ (Year ૧૯૯૮ ૨૦૧૨)	૮૫	
દંડ કલમ-૨૫........................		
કલમ-૩૪ (કલમ-૫૭)........................	૦	
નકલ ફી કોલીયો........................		
ઈન્ડેક્ષ-૨ ફી........................		
આ સિવાયની બાબતોની ફી		

SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-3(JAMNAGAR ROAD) રાજકોટ સબ રજીસ્ટ્રારનાં (સિક્કો) રાજકોટ-૩ (જામનગર રોડ) સત્યમેવ જયતે

કુલ એકંદરે રૂ.	૮૫

અંકે રૂપીયાપંચયાંસી પુરા.

દસ્તાવેજ / નકલ ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં / કચેરીમાં આપવામાં આવશે.

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

(H A Karia)
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 3

IGR-NIC -3357500700749910898 ૬/૧૧/૨૦૧૮ ૧૧:૪૫:૩૩ am

R. V. GOSWAMI Advocate

અરજી પહોંચ

મેલ્કતનું વર્ણન મોટામવા સ.નં.125પૈકી4 પ્લોટ નં.1+2

Search in : RAJKOT-1/RAJKOT-1

પહોંચ નંબર: ૨૦૧૮૦૨૨૦૩૧૭૪૫ અરજી નંબર: ૨૨૪૭૮ અરજી વર્ષ: ૨૦૧૮

તા: ૬ માહે: નવેમ્બર સને: ૨૦૧૮

રજુ કરનારનું નામ આર.વી.ગોસ્વામી(એડ)શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી	રૂ.	પૈસા
રજીસ્ટ્રેશન ફી		
નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો	૦	
શેરોની નકલ કરવા માટે ફી		
ટપાલ ખર્ચ		
નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭)	૦	
શોધ અગર તપાસણી Year : ૧૯૮૮ ૧૯૯૮	૬૫	
દંડ કલમ-૨૫		
કલમ-૩૪ (કલમ-૫૭)		
નકલ ફી ફોલીયો	૦	
ઈન્ડેક્ષ-૨ ફી		
આ સિવાયની બાબતોની ફી		

કુલ એકંદરે રૂ.	૬૫

અંકે રૂપીયાપાસઠ પુરા.

દસ્તાવેજ / નકલ ------------- ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં / કચેરીમાં આપવામાં -------------------------- આવશે.

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

(એમ.જે.રાજયગુરૂ)
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 1

IGR-NIC -4108258283099572756 ૬/૧૧/૨૦૧૮ ૧૧:૪૮:૩૭ am